# વાઘની દોસ્તી

– મનહર બારોટ

ઉનાળો શરૂ થઈ ગયો હતો. ચારેકોર ઉની ઉની લૂ ફેંકાઈ રહી હતી. સખત ગરમીને કારણે પ્રાણીઓ–પક્ષીઓ ઝાડના છાંયડે બેઠાં હતા.

એક ઝાડ પાસે વાઘ બેઠો હતો. તેને ખૂબ જ તરસ લાગી હતી. સામે તળાવ હતું. તેમાં થોડું પાણી હતું. તેને પાણી પીવું હતું, પણ તે ત્યાં સુધી જઈ શકે તેમ નહોતો. કારણ કે તેના પગમાં બાવળનો કાંટો વાગ્યો હતો. તે ઝાડ નીચે કાંટાની પીડાને લઈ કણસી રહ્યો હતો. કોણ હરીના લાલ તેને પાણી પાય તેની તે રાહ જોતો હતો.

થોડીવાર થઈ ત્યાં થોડે દૂર તેને ઘોડાના ડાબલાનો અવાજ સંભળાયો. ગુમાનસિંહ બાપુને સવારે વાડીએ જવાનું મોડું થયેલું તેથી ઘોડા પર સવાર થઈ પોતાની વાડીએ જઈ રહ્યાં હતાં. તેમને દૂરથી કોઈ જંગલી પ્રાણીનો કણસવાનો અવાજ સંભળાયો. બાપુ ખૂબ જ દયાળુ અને હિંમતવાળા હતા. બાપુ ઘોડા પરથી નીચે ઊતર્યા. અવાજની દિશામાં તેમણે તપાસ કરી તો વાઘ પગમાં કાંટાની પીડાને લઈને કણસી રહ્યો હતો. બાપુએ તેના પગ પર હાથ ફેરવ્યો અને ધીમેથી તેના પગમાંથી કાંટો કાઢ્યો. વાઘને થોડી રાહત થઈ.

ગુમાનસિંહ બાપુ તેને ધીરે ધીરે પોતાની વાડીએ લઈ આવ્યા. તેને ઠંડુ પાણી પીવડાવ્યું. બાપુએ પોતાની પાઘડીમાંથી લીરો ફાડીને તેને પાટો બાંધ્યો. વાઘને પગમાં ઘણી રાહત થઈ. તે દિવસથી વાઘ બાપુનો મિત્ર બની ગયો. બાપુને મોટી ફળની વાડી હતી. વાડીમાં પુષ્કળ ફળ પાકે, ઉનાળામાં તો આંબે લટુર પટુર કેરીઓ આવે તેથી ચોર લોકોની બહુ જ રંજાડ રહેતી. ધોળા દિવસે પણ ચોર કેરીઓ ચોરી જતા હતા, પણ પછી તો વાઘ ગુમાનસિંહ બાપુની વાડીનો ચોકીદાર બની ગયો.

આખો દિવસ વાડીએ ફરતો ફરે અને બાપુની વાડીની ચોકી કરે. ચોર તો શું ? કોઈ ચકલુંય ન ફરકે. ગુમાનસિંહ બાપુ વાડીએ સૂતા હોય ત્યારે વાઘ તેમના ખાટલા નીચે સૂતો હોય.

એક વખત બાપુની વાડી પાસેથી લૂંટારુઓની ટોળી પસાર થઈ. તેમણે બાપુએ પહેરેલા સોનાના દાગીના જોયા. બાપુએ હાર, વીંટીઓ, સોનાની પહોંચી પહેરેલી હતી. લૂંટારુઓએ ગુમાનસિંહ બાપુને દોરડાથી ઝાડ સાથે બાંધી દીધા. પછી બાપુના દાગીના લૂંટવા જતા જ હતા કે વાઘ ત્યાં પહોંચી ગયો. તેણે છલાંગ મારી લૂંટારુઓને ઘાયલ કરી દીધા.

આ જોઈ લૂંટારુઓ છંછેડાયા અને પોતાની બંદૂકોમાંથી ધડાધડ ગોળીઓ છોડી. વાઘ ખૂબ જ ઘાયલ થયો. તેણે બાપુને લૂંટારુઓના પંજામાંથી બચાવ્યાં હતા, પણ બાપુને બચાવવા જતાં પોતાનો જીવ જોખમમાં મૂક્યો હતો.



બહુ જ લોહી વહ્યું. બાપુએ પાટાપિંડી કરી અને વાઘને બચાવવા ખૂબ જ પ્રયત્ન કર્યા, પણ વાઘ બચી ન શક્યો. છેવટે વાઘનું પ્રાણ પંખેરું ઊડી ગયું અને તે દિવસે ગુમાનસિંહ બાપુ બહુ રડયા.

બાળદોસ્તો જોયુને ? બાપુએ વાઘને કાંટો કાઢયો અને હિંસક પ્રાણી બાપુનો વફાદાર મિત્ર બની ગયો. તેણે લૂંટારુંઓથી બાપુને બચાવ્યાં. તો મિત્રો આપણે પણ આવા મહામૂલા પ્રાણીઓનું જતન કરવું જોઈએ, પર્યાવરણનું રક્ષણ કરવું જોઈએ.

■